

'અચ્છે દિન' ની પચ્ચીસ વર્ષની મુદત નાખી છે
મત આપીને પ્રજા થઇ હવે દૂધની માખી છે
સાંખી લ્યો હવે મૌન રાખીને ચાખી લ્યો પરિણામ -
નાખી દે કટોકટી પણ!, ભવિષ્ય વાણી ભાખી છે..

આઇપીએલ-
ધનિક જુગારીઓ -
કરે અંચઇ!
(ફીક્સીંગ ગેંગ)

સત્તા ગરજે
પીરસાય ભોજન -
ઇફ્તાર પાર્ટી
('રાજ'-કારણ)

ચિંતન

મૂર્ખઃ સ્વલ્પ વ્યયત્રાસાત્સર્વનાશં કરોતિ હિ ।
કઃ સુધીઃ સંત્યજે દભાદંડ શુલ્કસ્યૈ વાતિસાધ્વસત્ ॥

દાણ-કર આપવો પડશે એવા ભયથી કયો સમજુ-બુદ્ધિશાળી માણસ પોતાનો સંપૂર્ણ માલ જતો કરે? છોડી દે? પરંતુ મૂર્ખ માણસ તો થોડા ખર્ચના ભયથી સર્વનો નાશ કરે છે.'

અત્યારે ભારતમાં 'કાળું નાણું' કરચોરી કરનારા નાગરિકો અને ખોટાં વચન આપનારા રાજકીય પક્ષોની ગળાંની ફાંસ જેવું થયું છે. વિદેશોની બેંકમાં કાળા વહેવારના બે નંબરી નાણાં હવે પાછાં લાવે તો વધારે કર સાથે દંડ અને સજા પણ ભોગવવાં પડે આથી મૂર્ખ લોકો નાણું જતું કરવા વિચારે છે.

અને સરકાર એવા લોકોને અર્ધું જતું કરી દંડ-સજામાંથી બચવા લલચાવે છે. દરેક ઘટનામાં જયારે ગુન્હેગાર પકડાય ત્યારે પણ 'પોલીસ' - આ શ્લોકના હાર્દ જેવો શબ્દ 'તોડ' કરી અર્ધું જતું કરી બચવાનો પ્રયત્ન કરે છે. 'બૂટલેગર' 'પોલીસ'ની મૈત્રી આ સિદ્ધાંત પર જ મજબૂત બની છે.

સુવિચાર

- કેળવણી એટલે આપણો મિજાજ કે આત્મવિશ્વાસ ખોયા વિના લગભગ દરેકની વાત સાંભળવાની ધીરજ અને શક્તિ **- રામકૃષ્ણ પરમહંસ**
- સફળતા એવી સીડી છે, જેના પગથિયાં ખિસ્સામાં હાથ રાખીને ચઢી શકાય નહીં **- કાર્લાઇલ**
- કોઇ પણ માણસના જીવનની સૌથી અંધારી પળો એ છે, જયારે તે મહેનત વિના કેવી રીતે પૈસા મૈળવવા એનું પ્લાનિંગ કરતો હોય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- પરમાત્મામાં અતુટ વિશ્વાસ એ જ મારું આંતરિક ક્વચ છે **- ડોંગરેજી**
- તક હંમેશા તકલીફોનો બુરખો પહેલીને આવતી હોય છે.. એને ઓળખી લેવાનું કામ આપણું છે **- ડો. સૈયદ**
- મારા માટે ગતિ એટલે, કોઇ વસ્તુમાં વિકાસની નિરંતર સંભાવના, એના માટે પછી ભલે ગમે તેટલી મહેનત કરવી પડે **- બીરજુ મહારાજ**
- માણસ જેવો 'છે' તેવો વ્યક્ત થવાને બદલે જેવો 'હોવો' જોઇએ તેવો વ્યક્ત થાય છે, ત્યારે તેના જીવનમાં દંભ પ્રગટ થાય છે **- મોરારિ બાપુ**

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

હિંમતવાન અને આત્મવિશ્વાસુ માણસ પોતાને જે સાચું લાગે તે બાબતમાં સ્વતંત્ર નિર્ણય લઇ કોઇના ભય-ડર-બીક વિના પોતાની સૂઝ-બૂઝથી કામ કરવા લાગે છે. ઘરમાં કે ઘર સંસાર વ્યવહારમાં વિવેકપૂર્ણ રીતે આસપાસના વડીલો-સ્વજનોને પોતાનું સત્ય સમજાવી નિડરતાથી કામ - ગમે તેવું કોઇનું હલકું કે ખરાબ લાગે તેવું હોય તો પણ ટીકાથી ડરી છોડી ન દેવું જોઇએ.

સંગીતકાર જહોન ટ્રીનીશ સારા ગાયક હતા પણ દેખાવે કદરૂપા હતા તેથી તેના ઈર્ષાખોર હરિફો વિના કારણ તેને ઉતારી પાડતા. જોહનને એનું ખૂબ દુખ હતું.

એકવાર ચર્ચના ફાધર પાસે જઇ પોતાના હ્રદયનો ભાર ઠાલવ્યો - ખૂબ રડ્યા.

ફાધરે કહ્યું - તમે સારા સંગીતકાર છો જ હજુ મહાન થવા સર્જાયા છો, આવી ટીકાઓથી તમારે હારી ન જવું જોઇએ, જે મહાન કાર્યો કરી ગયા છે એનાં જ ચૌટે પૂતળાં મૂકાય છે, ટીકાકારોનાં કોઇ'દિ પૂતળાં જોયાં? જે કોઇ કામ કરે છે એની જ ટીકા થાય - જે માત્ર આળશુ થઇ બેસી રહે એની ટીકા કોણ કરે?

તમે જરા પણ હિંમત હાર્યા વિના, ટીકાથી ડર્યા વિના કામ કરો - અને જહોન ટ્રીનીટીમાં નવો ઉત્સાહ રેડાયો.

Email - sureshchandrabhatt18@gmail.com

ન્યાયતંત્ર નબીરાઓને હેસિયત મુજબ વેતરી નાખે છે

તંત્રી સ્થાનેથી....

વિસ્મય જેવા નબીરા કે સલમાન જેવા સેલિબ્રીટી એમની મોંઘીદાટ ગાડી કોઇના સ્કૂટર કે બાઇક પર ચડાવી દે અથવા સૂતેલા મજૂરોને ઊંઘતા જ કચડી નાખે છે ત્યારે આ દેશ કઈ દિશામાં પ્રગતિ કરી રહ્યો છે, એનો અહેસાસ થયા વિના નથી રહેતો. ચિક્કાર દારુ પીને રાતના બે-અઢી વાગ્યાના શુમારે ગરીબ મજૂરોને ફૂટપાથ પર કચડી નાખનાર સુપરસ્ટાર સલમાને એનો ગુનો છાવરવા આકાશપાતાળ એક કર્યા હતા. પોતે કાર ચલાવતો જ નહોતો એવું ઠસાવવા એણે ડ્રાઈવર પાસે ખોટું નિવેદન પણ કરાવ્યું હતું. ચિક્કાર પીધેલો હોવા છતાં પોતે મધરાત પછી કલાકો સુધી બારમાં બેઠો હતો પણ નશીલાં પેય લીધાં નહોતાં એવું વાહિયાત નિવેદન આપ્યા પછી અને રેસ્ટોરન્ટના મેનેજર તથા બેરા પાસે સાનુકૂળ જવાબો કરાવ્યા પછી પણ અદાલતે એને છોડ્યો નહોતો. અદાલતને ખાતરી થઈ હતી કે સુપરસ્ટાર નર્યું જુઠાણું ચલાવતો હતો. એણે સાક્ષીઓ ફોડવાના પ્રયાસો કર્યા હતા તેની અદાલતને જ નહીં, સામાન્ય નાગરિકને પણ સમજણ પડી ગઈ હતી. એથી કદાચ અદાલતે એની શેહમાં તણાઈ એની તરફેણ કરતો ચુકાદો આપ્યો હોત તો પ્રજાને ન્યાયતંત્રમાંથી શ્રદ્ધા જ ઊઠી ગઈ હોત. સામાન્ય પ્રજાને રાજકારણીઓ, નેતાઓ કે ધર્માધ્યક્ષો કરતાં ન્યાયતંત્ર પર વિશેષ આસ્થા છે. આ આસ્થા વિસ્મય શાહ વિશેના ચુકાદાથી દઢીભૂત થઈ છે. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૩ની મધરાતે બનેલા હિટ એન્ડ રન કેસમાં બે નિર્દોષ તરૂણોએ જીવ ગુમાવ્યો હતો. વિસ્મય શાહ વગદાર પરિવારનું ફરજંદ હોઈ એને પોલીસે પણ બચાવવાની જ કોશિશ કરી હતી. પરંતુ સાક્ષીઓ હોસ્ટાઈલ થઈ ગયા છતાં સવા બે વરસ પછી સેશન્સ અદાલત દ્વારા જાહેર કરાયેલ ચુકાદામાં વિસ્મયને સદોષ માનવવધનો ગુનેગાર ગણવામાં આવ્યો છે. એને સલમાનની જેમ પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી છે અને મૃતક તરૂણોના પરિવારને પાંચ-પાંચ લાખ વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે. એક પ્રત્યક્ષદર્શી સિવાયના તમામ સાક્ષીઓ ફોડી નાખવામાં સફળ રહેલા નબીરાને એના ગુનાની વધુ સજા કરીને વધારાના સેશન્સ જજ પી.એમ.પટેલે દાખલો બેસાડ્યો છે. ગુજરાતમાં અકસ્માત કરનાર વાહન ચાલકને પહેલી જ વાર આટલી આકરી સજા થઈ છે, અને દેશમાં બનેલી આવી સમાતંર ઘટનાઓની સરખામણીએ એ ચુકાદો જ ઓછા સમયમાં આવ્યો છે, તેની નોંધ લેવી જ રહી. અદાલતના ચુકાદા સામે તાબડતોબ હાઈકોર્ટમાં અપીલમાં જનાર વિસ્મય શાહ કદાચ રૂપિયાના જોરે હાલ પૂરતાં જામીન મેળવવામાં સફળ થશે તો પણ હાઈકોર્ટમાં એની આ સજા કાયમ રહેવાની સંભાવના છે. એલિસ્ટર પરેરાના કેસમાં મુંબઈના વકીલોએ સેશન્ટ કોર્ટ પર પ્રભાવ ઊભો કરીને એને ફક્ત છ મહિનાની જ સજા મળે એવું ચોકઠું ગોઠવ્યું હતું, પરંતુ હાઈકોર્ટે એને વધારીને ત્રણ વર્ષની સજામાં ફેરવી હતી. સલમાનને ફરમાવાયેલ સજાનો ચુકાદો છેક તેર વર્ષ બાદ આવવા પામ્યો હતો. એની તુલનામાં ફક્ત બે - સવા બે વરસના ગાળામાં આવેલ આ ઐતિહાસિક ચુકાદાથી સામાન્ય પ્રજાનો ન્યાયતંત્રમાં વિશ્વાસ વધવા પામ્યો છે. અનેકવાર અકસ્માતની ઘટનાઓમાં પ્રવર્તમાન કાયદો સુધારી સજા વધારવાની રજૂઆતો થતી રહી છે પરંતુ સરકાર એ અંગે ગંભીર લાગતી નથી. વ્યાપમ કૌભાંડના ઘણા સાક્ષીઓ અકસ્માતનો ભોગ બન્યા છે, તે સૂચક નથી? વિસ્મય શાહ અને સલમાન જેવા સમૃદ્ધ પરિવારના નબીરાઓને મન સામાન્ય માણસની જિંદગી વિશેષ મહત્ત્વની નથી હોતી. એ એમની ફેન્ટસીની દુનિયામાં જીવે છે. નશો ન કર્યો હોય તેવા સમયે પણ આવા નબીરા પોતે દુનિયાના તમામ કાયદા-કાનૂનથી પર હોવાના નશામાં જ જીવતા હોય છે. આવો એક મુઠ્ઠીભર સમૃદ્ધ વર્ગ દેશની ગરીબ પ્રજાના માથે હંમેશાં જોખમ બની ઝઝૂમતો રહ્યો છે. અદાલતો જયારે એમના ગુના સબબ કડક સજા ફરમાવી એમને પોતપોતાની હેસિયતથી વાકેફ કરે છે, ત્યારે લોકશાહીનો પાયો વધુ મજબૂત બને છે.

ભારેખમ ભણતર અને એમ.બી.એ. જેવી ઉચ્ચ ડિગ્રીઓ કર્યા પછી પણ માત્ર નોકરીના સહારે મીટ માંડેલ વિદ્યાર્થીને હાર્દિકની એક શિખ

યુવા તરવરાટ

- હાર્દિક જે. સોરઠિયા

ભારેખમ ભણતર અને એમ.બી.એ. જેવી ઉચ્ચ ફાંકડી ડિગ્રીઓ ભણવા પાછળ વિદ્યાર્થી લાખો રૂપિયાનું પતન કરી નાખે છે અને ભણયા પછી શરુ થાય છે નોકરીની ખોજ. પરંતુ કોઇ ખુદની કેડી કંડારવાનું કેમ વિચારતા નથી. ધંધામાં સફળ થવા માટે પૈસાદાર પપ્પા, ભારેખમ ભણતર અને ડરામણી ડિગ્રીઓ કરતા વધુ જરુર છે બુદ્ધિ, હૈયાની અને આગવી કોઠાસૂઝની?

ભારતની નામાંકિત ઈન્સ્ટીટયુટ એટલે ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ કે જેમને આઇ.આઇ.એમ. તરીકે ઓળખે છે. વિશ્વભરમાં મેનેજમેન્ટના અનુસ્નાતક અભ્યાસક્રમ માટે આઇ.આઇ.એમ.નું નામ આખા વિશ્વમાં ગાજે છે. અને અહિંના વિદ્યાર્થીઓ ને કંઇક નવું, જુદું કરવાની આવડત પણ હવે જગવિખ્યાત થઈ રહી છે. મને યાદ છે કોઇક સંભળાવેલ અનુભવ કે આઇ.આઇ.એમ. માં મોટી મોટી મલ્ટીનેશનલ કંપની ફોન કરતી હોય છે ત્યાંના વિદ્યાર્થીને રિકરુટ કરવા. પરંતુ ત્યાંના વિદ્યાર્થી આ કંપનીમાં અમારે નથી આવવું તમને લાગતું હશે કે કદાચ તેમનો પગાર એ વિદ્યાર્થી ને ઓછો પડતો હશે ના એવું નથી તો વળી તમને એવું લાગતું હશે કે કંપનીની શાખ માર્કેટમાં નહીં હોય એવું પણ નથી. અરે પગાર તો કંપની દર વર્ષે ૩૦ થી ૩૫ લાખ આપવા તૈયાર છે. અને કંપનીની શાખની વાત કરીએ તો એપલ, માઇક્રોસોફ્ટ, ગુગલ અને એમની જેવી અનેક... પરંતુ ત્યાંના વિદ્યાર્થીઓ એ અપનાવ્યો બિઝનેસમેનનો ગુણધર્મ અને નીકળી પડ્યા ધંધાની ખોજમાં એટલું જ નહિ તેઓ હાલમાં ખુબ જ સરસ રીતે સંભાળી રહ્યાં છે તેમનો બિઝનેસ.

કોઈ પણ વિદ્યાર્થી સીધા જ સફળતાને નતા વર્યા. ઘણા કપરા ચડાણથી તો મળી'તી સફળતા. કેમ કે તેમને બજારમાં તક જોઈ હતી, ધંધા માટેની શક્યતા જોઈ હતી, પરંતુ સાથે સાથે તેમણે આયનામાં પોતાની જાતને જોઈ હતી, તેમણે પોતાના અંતરઆત્માના અવાજને સાંભળ્યો હતો... કે ભાઇ સાબુ વેચવામાં (એટલે કે હિન્દુસ્તાન લિવર કે પી એન્ડ જી નોકરી લેવામાં) કદાચ વધારે રૂપિયા મળશે... પણ એનો કોઈ અર્થ ખરો? તગડી કંપનીના પગારદાર નોકર બની જવાનું તો બહું સહેલું છે, પણ તારે જિંદગીભર એ જ કરવું છે? તારી શક્તિઓ તારે કાંક વધુ મેળવવામાં વાપરવી છે કે નહિ?

અને તેથી જ બીજાની નજરમાં 'મૂર્ખામી' કરે તેવા કામો કરી આ વિરલાઓ કાંઇક વધુ મેળવવા માટે તેમણે જઠરાગ્નિને પ્રદીપ્ત રાખી અને બિઝનેસમાં અંતે સફળતા મેળવી.

ચાલો આવા વિરલ સાહસિકની એક આછેરી ઝલક મેળવીએ.

જે આજે દરરોજના હજારો યુવાનોને નોકરી આપવાનું માધ્યમ બન્યા છે. એ નોકરી.કોમના માલિક સંજીવ બિખચંદાની એ એમ.બી.એ. જેવી ડિગ્રી કર્યા પછી શરુઆત કરી હતી આ વેબસાઇટની તો શું દસ-દસ વર્ષ સુધી સતત નિષ્ફળતાને મળ્યા છતા પણ પોતાના વિચારને વળગી જ રહ્યા.

જો તેઓ અત્યારે તેમને મળેલ નોકરીમાં જ વળગી રહ્યા હોત તો શું આટલી પ્રસિદ્ધિ મેળવત ખરા?

આવું જ બીજું ઉ.દા. એટલે આર. સુબ્રમન્યન કે જેમને ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી ફક્ત પંદર જ દિવસમાં તેમણે 'સિટી બેંક' ની નોકરીને લાત મારી... કારણ? બસ, કાંઇક 'જુદું' 'વધારે' કરવું હતું! એ 'વધારે' એટલે ભારતની સૌથી મોટી રિટેઈલ શૃંખલા - જેને સમગ્ર ભારતમાં અબાલ વૃદ્ધ સહુ કોઇ 'સુભિક્ષા' ને નામે ઓળખે છે. આર. સુબ્રમન્યને 'રિલાયન્સ રિટેઈલ' ની તગડી ઓફરને પણ નકારી કાઢી હતી. તે માને છે કે હજી તો ઘણું વધારે, શ્રેષ્ઠ કરવાનું બાકી જ છે.

આ ઉપરાંત જેમને દેશને પ્રથમ ઈલેકટ્રીક કાર આપી તેવા ચેતન મૈની એ પણ લાંબી અને મોંઘીદાટ પગાર ધરાવતી નોકરીને પણ છોડી સ્થાપના કરી રેવા ઈલેક્ટ્રોનીક કારની. સાથે ૨ લાખ રૂપિયાનો પગાર મહીના નો મળવા છતાં પણ નોકરી છોડી સ્થાપના કરી મેકમાય ટ્રીપ.કોમ ને આજે જેમને પુરાં દેશમાં ખ્યાતનામ પણ બનાવી એવા હમસફર - દિપ કાર્લા.

અરે અને અંતે સિટી બેન્કની લાંબી કારકિર્દી બાદ, લગભગ ચાલીસની વયે જેરી રાવને ઉદ્યોગપતિ બનવાની ચટપટી થઈ. તેમણે 'એમ્ફેસિઝ' નામની કંપનીની સ્થાપના કરી. અને જે આજે દેશની ટોચ નફાકાર કંપની માની એક છે.

તો આ બધા વિરલ વ્યક્તિ તો હતા જ સાથે ઉદ્યોગ સાહસિકો આઇ.આઇ.એમ.માં અભ્યાસ કર્યો અને આવી પ્રત્યેક સફળતાની ગાથાની પાછળ એવી અનેક વ્યક્તિઓ છે કે, આજે પણ સફળતા માટે કપરો સંઘર્ષ કરી રહી છે. આ લેખ આવી વ્યક્તિઓમાં આશાનો સંચાર કરશે તથા તેમની શક્તિમાં પ્રાણ પુરશે તેની મને ખાતરી છે.

અને હા, આ એવા ઉદ્યોગ સાહસિકોની વાત હતી કે જેઓ ધંધા અંગેની કોઇ પણ આગોતરી તૈયારી વગર જ ધંધામાં કુદી પડ્યા હતા. અનુભવે અને મહેનતે તેમનું ઘડતર કર્યું. પોતાની બુદ્ધિ અને કોઠાસૂઝનો તેમણે ભરપુર ઉપયોગ કરીને સાબિત કર્યું કે ધંધો કરવો એ અઘરી બાબત નથી. કલાકારો પોતાની કલાની અભિવ્યક્તિ માટે સબળ પ્લેટફોર્મની શોધમાં હોય છે. જયારે આવી તક ન મળે ત્યારે તેઓ ખુદ જ પ્લેટફોર્મ સર્જી લે છે. 'આર્ટિસ્ટ' પોતે જ 'એન્ટરપ્રિન્યોર' બની જાય છે.

અને અંતે એટલું જ તો ખરું જ કે સવારના પહોરમાં ટાઇ પહેરીને નીકળી પડેલ નોકરો (મોટી કંપનીમાં આરામની નોકરી કરનાર) ના આત્મખોજ કરવામાં અને કંઇક અલગ વિચારવામાં આ લેખ તો ભાગીદાર બનશે જ ખરું ને. પરંતુ હા તમને

તમારામાં જ્ઞાનની ભૂખ અને નવું કરવાની ઈચ્છા છે ખરી?

ચોમાસું શરુ થતા અનેક પ્રકારના ઇન્ફેકશીયસ રોગોનું ચલણ વધે છે, આમાંનો એક રોગ એટલે લેપ્ટોસ્પાયરોસીસ, આ રોગ લેપ્ટોસ્પારા ઇક્ટ્રોમોચ્હેજ નામના જીવાણુઓથી થાય છે

લેપ્ટોસ્પાયરોસીસ નિરામય

ડો. કેદાર ઉપાધ્યાય

ચોમાસું શરુ થતા અનેક પ્રકારના ઈન્ફેકશીયસ રોગોનું ચલણ વધે છે. આમાંનો એક રોગ એટલે લેપ્ટોસ્પાયરોસીસ. આ રોગ લેપ્ટોસ્પારા ઈક્ટ્રોમોચ્હેજ નામના જીવાણુઓથી થાય છે. આ જીવાણુઓ પરોપજીવી છે. તેઓ ઉંદરના શરીરમાં જીવન - વર્ધન પામે છે. ઉંદરના ઉત્સર્જન વડે તે બાહ્ય વાતાવરણમાં આવે છે. ઉત્સર્જન બાદ આ જીવાણુઓ ખાબોચીયા, તળાવડા, ભેજવાળી જગ્યાઓએ જીવતા રહે છે. અને અહિંથી જ માણસોના સંપર્કમાં આવીને તેના શરીરમાં પ્રવેશીને ફેલાય છે. ખેડૂતો, ખાણોમાં કામ કરા મજૂરો, કડિયાઓ આદિ વર્ગને આ રોગ વધુ લાગી શકે કારણ કે તેઓ સીધા જ આ પ્રકારના વાતાવરણના સંસર્ગમાં હોય છે.

લેપ્ટોસ્પાયરોસીસ થાય તો તેના પહેલા સપ્તાહમાં રોગીને સાવ નબળાઈ આવી જાય છે ઠંડી સાથેનો તાવ ૧૦૪ ફે. સુધી પહોંચી શકે છે. આવો તાવ અઠવાડિયા સુધી પણ ચાલી શકે અને પછી એકાએક તાવ ઉતરી જાય છે. તાવની સાથે સાથે પીઠ-પીંડીઓમાં વેદના, ઉલ્ટી, ઉબકા પેટમાં દુઃખાવો, મનની વિભ્રમ, આદિ જોવા મળે છે. જો ગંભીર તાવ હોય તો નાક, મુખ, ગુદા માર્ગેથી રક્તસ્ત્રાવ પણ જોવા મળે છે. ઉપરાંત કમળો પણ થઈ શકે.

લેપ્ટોસ્પાયરોસીસના બીજા સપ્તાહમાં તાવ ઉતરી જાય છે પણ કમળો, લીવરમાં સોજો આદિ લક્ષણો યથાવત રહે છે. કિડની ને વધુ જોર પડે છે. દર્દી સાવ નંખાઈ જાય છે. જો રોગ વધુ દારુણ હોય તો કિડની ફેન થવાથી, હ્દયરોગ કે રક્તપરિભ્રમણ ઓછું થવાથી દર્દીને મૃત્યુ થઈ શકે.

જો સમયસર સારવાર કરવામાં આવી હોય તો ત્રીજા સપ્તાહમાં પેશાબનું પ્રમાણ વધે છે, લિવર - કિડનીની કામગીરી પૂર્વવત થાય છે અને ધીમે-ધીમે દર્દી સ્વસ્થ્ય સ્થિતિમાં આવતો જાય છે.

આયુર્વેદ મુજબ વિચારીએ તો લેપ્ટોસ્પાયરોસીસ જીવાણુને કારણે થાય છે. આથી તેને આંગતૂક જવર (બાહ્ય કારણોને લીધે થતો જવર)ની કેટેગરીમાં મુકી શકાય. વળી, આ જવરમાં પિત્ત પણ સંબંધીત છે. (કિડની લિવરને કારણએ) આથી તેને પિત્તપ્રધાન વિષમજવર પણ કહી શકાય.

લેપ્ટોસ્પાયરોસીસની ચિકિત્સાની વાત કરીએ તો ઇમરજન્સી સારવાર સ્વરુપે જે જરુરી જણાય તે આધુનિક ચિકિત્સા સૌ પ્રથમ કરવી. આ ઉપરાંત આવા રોગો જ ન થાય તેની કાળજી સ્વરુપે રહેઠાણ તેમજ ખેતર આદિની આસપાસના વિસ્તારોમાં ગંદકી ન કરવી. ખુલ્લી જગ્યાઓ પર ખાબોચીયા ન થવા દેવા. પાણી ઉકાળીને જ પીવું.

જો ઔષધોની વાત કરીએ તો ગળો સર્વશ્રેષ્ઠ છે. ગળોનો ધન, રસ આદિ નિયમિત પીવા. આ ઉપરાંત સુદર્શન, ભૂમિઆમલકી, પંચતિક્ત આદિના ઉકાળા પણ લઈ શકાય. જો રોગ ઉતરે) તો ચંદ્રપ્રભાવતી કે ગોખરુનો ઉકાળો લઈ શકાય.

લેપ્ટોસ્પાયરોસીસ જેવા ચેપી રોગોને કારણે દર વર્ષે અનેકોના ભોગ લેવાય છે. રોગ થયા બાદ ચિકિત્સા કરવી એ તો અગાઉથી અગમચેતી ભર્યા પગલાં લેવા એ દૂરંદેશી છે ચોમાસુ બરાબર જામે એ પહેલા જ આપણા લેવલે આપણે અગમચેતી કેળવીએ.

સમયના પ્રવાહની સાથે પ્રકૃતિનાં બદલાતાં રૂપોને પણ આપણે સ્વીકારવા જ રહ્યાં કેમ કે પરિવર્તનશીલતા એ કુદરતનો નિયમ છે

હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

ઋતુએ ઋતુએ વિલસતું, વિખરાતું, વિસ્તરતું અને કયારેક સંકોચાતું કે સંકોરાતું પ્રકૃતિ ઉદ્યાનનું રુપ જોવા મળ્યું છે. ભળભાખળું થયું હોય ત્યાં સ્વાસ્થની ચિંતા સેવનારા યુવા, પ્રૌઢો કે વરિષ્ઠોને સવારમાં સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત વાતાવરણમાં લટાર મારવા આવતા જોયા છે.

પ્રભાતનાં કિરણો પૃથ્વી પર પથરાય તે પહેલાં જ પ્રકૃતિનાં તત્ત્વો કેવા સક્રિય થઈ જતાં હોય છે. તે સમયની પવનની શિતળતા આહ્લાદ આપે છે. મંદ મંદ વહેતો એ પવન અને ધીરે ધીરે અંધકારની ચાદરને દૂર ધકેલીને અજવાળાંને આવકારતી પ્રકૃતિ, વૃક્ષ, વેલીઓ અને છોડવાઓના પર્ણો પણ ચમકતાં ઝાકળ બિંદુઓ, કયાંક સળવળતાં જીવજંતુ અને ઉડતાં પતંગિયાં સાથે નાના મોટાં પ્રાણીઓનો પગરવ, તેના કારણે થતો સુકાપર્ણોનો અવાજ, પંખીઓનો કલરવ એ બધું માણા આવતા માનવીઓ કયારેક દયાભાવ કે ધાર્મિક વૃત્તિથી પ્રેરાઇને વનપંખીઓ કે વન્ય પ્રાણીઓનો જે ખોરાક નથી તેવા પદાર્થો આપવા કે ખવડાવવાના પ્રયાસો કરે ત્યારે સમજાવીને અટકાવવા અને તેમની કુદરતી અવસ્થાની સમજ કેળવવા માટેના પ્રયાસો પમ કયારેક અહીં કરવા પડતા હોય છે.

માનવ એક એવું સ્વાર્થી પ્રાણી છે. નદીના કોતરો અને ઝાડી ઝાંખરાંની કુરતી સમૃદ્ધ સંપત્તિ વચ્ચે તેણે કયાંક ફળાઉ વૃક્ષોનું રોપણ કર્યું. કરમદાં, બોર, ગુંદા, શેતુર, ફૂલ્યાં ફાલ્યાં ત્યારે તેમાંથી આવક ઊભી કરવાનો વિચાર તો માણસને જ આવે. આંબાના ફળની રોયલ્ટી ભરવાની અને તે વાવનારના આશ્રિતોએ પોતાના હક તરીકે મેળવવાની વાતથી શરુ થયેલ પ્રકૃતિ ઉદ્યાન જેને અગાઉ હરણોદ્યાન તરીકે ઓળખાતું તેની હરિયાળી ઓળખ ઊભી થતાં બોરની હરાજી પણ એક સમયે થતી હતી. ખરેખર તો પંખીઓનો નિવાસ અને માળાઓ બાંધી પ્રજનન માટેની જગ્યા પસંદગીનું કારણ ખોરાકની વિપુલતા જ હોય છે. છેવટે એ વાત મોડી મોડી પણ સમજાતાં છેવટે એ પક્ષીઓ માટે રહેવા દેવાનો સ્તુત્ય નિર્ણય થયો તે પણ આવકારદાયક લેખાય.

સમયના પ્રવાહની સાથે પ્રકૃતિનાં બદલાતાં રૂપોને પણ આપણે સ્વીકારવા જ રહ્યાં. કેમ કે પરિવર્તનશીલતા એ કુદરતનો નિયમ છે. અમુક દ્રુમ સમુહોમાં આવતા કોઈ ચોક્કસ ફેરફારો સુકારાઓને વ્યાધિઓને ઉત્ક્રાંતિની પ્રક્રિયા જ સમજવામાં આવે તો તેનો ઉકેલ સહજ લાગે. સુકાં વૃક્ષોના કાષ્ટ અને પીળાં પડી ગયેલાં પર્ણોનું પણ જૈવિક વિવિધતામાં એક આગવું મહત્ત્વ રહેલું છે એ વાત પણ આપણે સમજવી પડશે. નિષ્ણાંત હોવાની કેટલીક ભ્રાંતિઓ માનવ દ્વારા લેવાતા અકુદરતી નિર્ણયોને કારણે કયારેક વિનાશક પુરવાર થવાની સંભાવના રહે છે.

વિતેલા સમયનું સરવૈયું કાઢવા બેસીએ તો 'કયા ખોયા, કયા પાયા'ની સ્થિતિએ નિરીક્ષણ કરવું પડે.

ભલે આ ભૂમિ સંરક્ષિત વિસ્તાર જાહેર થઈ હોય પણ તેના ભોગવટાનો કાયદેસર હક તે સંરક્ષિત રાખનારને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ગમે ત્યારે કહેવાતા વિકાસના ખપ્પરનાં તેને હોમાઇ જવાની સંભાવના નકારી શકાય તેમ નથી. તે સમયે પ્રકૃતિ પ્રેમીઓએ તેને બચાવવા આંદોલનો કરવાં પડે એવું પણ બને. ત્યારે પ્રશ્ન એ પણ થાય છે કે પ્રકૃતિ ઉદ્યાન કોનું? વન્યજીવોનું? વનખાતાનું? પ્રાકૃતિક ઈતિહાસ પ્રદર્શન ઊભું કરવાનો પ્રયાસ કરનાર અને સને ૧૯૭૭માં અસ્તિત્વમાં હતા એ ગુજરાત પ્રકૃતિ મંડળનું કે પછી જેને તેની જાળવણી અને સાચવણી માટે સોંપવામાં આવ્યું છે. એવી સરકારની નાણાંકીય સહાયથી ચાલતી એક સ્વાયત્ત સંસ્થાનો દરજ્જો ધરાવતી છતાં સરકારના નિયમનથી ચાલતી ૧૯૮૨ના નવેમ્બર માસમાં રચાયેલ ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન ટૂંકમાં ગીર ફાઉન્ડેશનનું ગણાય.

છેલ્લા સાડા ત્રણ દાયકાથી અસ્તિત્વમાં આવેલ અનેક તડકી છાંયડી જોતાં જોતાં હરણોદ્યાનમાંથી પ્રકૃતિ ઉદ્યાન નામ ધારણ કરતાં સુધીમાં દોઢ દાયકાથી વધુ સમયનો તેના નવાં કલેવરનો સાક્ષી રહ્યો છું. એક સમયના ઝાડી ઝાંખરાવાળા ઉજ્જડ ઉબડખાબડ કોતર વિસ્તારને વૃક્ષાચ્છાદિત કરનાર વનકર્મીઓને ધન્યવાદ આપવા ઘટે. વનસ્પતિના વૈવિધ્ય દ્વારા પંખીઓ અને પ્રાણીઓનું કુદરતી નિવાસ સ્થાન ઊભું કરનાર કર્મશીલોના પરિશ્રમને બિરદાવવા શબ્દો ઓછા પડે તેવું છે. રક્ષણ, સંરક્ષણ અને જાળવણીના અનેક પડકારો વચ્ચે ઝઝુમીને ઊભી કરેલી આ હરિયાળી સૃષ્ટિની સાથોસાથ બદલાતા સમય અને સંજોગો સાથે જાણે કે વિસ્તરણની વ્યાખ્યા પણ બદલાઈ હોય તેમ વિકાસને નામે જે કામો થતાં રહ્યાં તેના કારણે જન સુવિધાઓ તો વધી છે પણ શું વનવિહંગો, વનમાં વિચરનારાં વન્યજીવો સસલાં, શિયાળ, મર્કટો, નીલગાય જેવા પશુઓ, કીટકો અને પતંગિયાં, વિવિધતા ધરાવતા કરોળીયાની જાતો અને સરિસૃપોના કુદરતી નિવાસ સ્થાનો જેવાં ઝાડીઝાંખરાં, દર અને રાફડા તેમજ જળશ્રોત છીનવાઈ રહ્યા હોત તો તેને આપણે વિકાસ કહી શકીએ ખરા?

(ક્રમશઃ)

કાકાસાહેબ પછી ગુજરાતી ભાષાને શણગારવા અનેક ગદ્યકારોએ પ્રયાસો કર્યા, તેમાં સૌંદર્યમય સ્થાનોની સુંદરતા વર્ણવામાં હજુ સુધી કોઇ એમને આંબી શક્યું નથી

મનના ઉમંગો રખડવાનો આનંદ

- રણછોડ વી. પરમાર

કાકાસાહેબ કાલેલકર જીવનનો આનંદ પુસ્તક લખ્યું ત્યારથી ગુજરાતી સાહિત્યમાં લલિત નિબંધના પગરણ થયા એવું કહેવાય છે તેમાં જરાકે અસત્ય નથી. ''જીવનનો આનંદ'' પુસ્તકની પ્રથમ આવૃત્તિ (૧૯૩૬) માં પાંચ ખંડ હતા, તેમાં ચોથો ખંડ ''રખડવાનો આનંદ'' બીજી આવૃત્તિ દરમિયાન આખેઆખો મૂળ પુસ્તકમાંથી કાઢી લેવામાં આવ્યો અને તેના સ્થાને આકાશ દર્શન ઉપરાંત ઘણા નવા નિબંદો ઉમેરવામાં આવ્યા. 'રખડવાનો આનંદ'નું સ્વતંત્ર અસ્તિત્વ પ્રગટ થયું - આ બધું લખાયું તે પહેલાં જ 'હિમાલયનો પ્રવાસ' તો ઘેર ઘેર જાણીતો થઈ ગયો હતો. 'બ્રહ્મદેશનો પ્રવાસ' પણ સાહિત્ય રસિકોને પ્રાપ્ત થયેલો. ભારતની નદીઓ અંગેના પાવનકારી લેખો 'લોકમાતા'નું નામ ધારણ કરી લોકોના હૈયામાં સ્થાન જમાવી ચૂક્યા હતા. આમ કાકાસાહેબ માટે તો જીવનનો આનંદ અને ભારતભૂમિના અનેક પ્રદેશોના પ્રવાસનો આનંદ (સાથોસાથ અન્ય દેશોના જોવાલાયક સ્થળો) બંને એક સરખો આનંદસ્ત્રોત ધરાવે છે. કાકાસાહેબ જેવા રસિક અને મર્મજ્ઞ સાહિત્યકાર જ 'રખડવાનો આનંદ' શીર્ષક આપી શકે છે. કાલેલકરે લખેલાં લેખો એટલા બધા કાવ્યમય છે કે છેક ૧૯૩૧માં 'આપણી કવિતાસમૃદ્ધિ' ની પ્રસ્તાવનામાં દસ શ્રેષ્ઠ ગુજરાતી ગદ્યકારોની યાદીમાં બળવંતરાય ઠાકોરે કાકાસાહેબનો ઉલ્લેખ કર્યો છે.

કાકાસાહેબ પછી ગુજરાતી ભાષાને શણગારવા અનેક ગદ્યકારોએ પ્રયાસો કર્યા. તેમાં સૌંદર્યમય સ્થાનોની સુંદરતા વર્ણવામાં હજુ સુધી કોઈ એમને આંબી શક્યું નથી. ભાષાની નજાકતને સુરેશ જોષીએ કાકાસાહેબ જેટલા જ નહીં પણ એથીય વધારે અદકેરા કૌશલ્યથી આલેખી પોતાની અનોખી ઓળખ પ્રસ્થાપિત કરી છે. રસિક ઝવેરી 'અલગારી રખડપટ્ટી' અને દિલની વાતોથી થોડા સમય ભાષાપ્રેમીઓ પર ભૂરકી છાંટી શક્યા. કાકાસાહેબના હિમાલયના પ્રવાસ દરમિયાનના સાથીદાર સ્વામી આનંદે એમની પોતીકી ભાષાસમૃદ્ધિથી વાચકોના મન મોહી લીધા. ઉમાશંકર અને સુંદરમે કાવ્યલેખનમાં ડંકો વગાડ્યો પણ પ્રવાસ અંગે એકબેથી ઝાઝા પુસ્તક લખી શક્યા નહીં. પ્રીતિસેન ગુપ્તા વિદેશી ધરતીને ઘમરોળવામાં એટલા બધા વ્યસ્ત રહે છે કે દેવોની ભૂમિ ભારત એમના પગલાં માટે તરસતી રહે છે. કલાપીએ એકદા કાશ્મીરનો પ્રવાસ કરેલો પરંતુ એનું કોઈ વિશિષ્ટ સ્થાન ઊભું થયું નથી. એક વાત કબૂલ કરવાની ગમે છે કે ભોળાભાઈ પટેલે અત્યંત સુંદર પ્રવાસ નિબંધો આપણને ભેટ ધર્યા છે. શ્રીમતી વિનોદીની નીલકંઠના નિબંધો પણ મન મોહી લેનારા હતા. હજુ હમણાં જ ગાંધીનગરના પ્રજ્ઞાબેન પટેલે 'શિવભૂમિનો સાદ' એવું પાંચ તીર્થસ્થાનોના વર્ણન આપતું પુસ્તક પ્રગટ કર્યું છે. મતલબ કે કાકાસાહેબે શરુ કરેલા યાત્રાસંઘમાં બહેનો પણ જોડાવા માંડી છે.

''આંદામાનમાં ટહૂક્યો મોર'' લખીને ઉમાશંકર ભાઈએ કાકાસાહેબના પેંગડામાં પગ ઘાલવાનો પ્રયત્ન ભલે કર્યો હોય પરંતુ 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા, જંગલની કુંજ કુંજ જોવી હતી' લખીને જાણે કાકાસાહેબના રખડવાના આનંદને જ પુરસ્કૃત કર્યો છે. ઉમાશંકરભાઈએ આ કાવ્યમાં દેશના વિવિધ સ્થળોએ ઘુમવાની/નિહાળવાની કોઈ મનસા પ્રગટ કરી નથી છતાં રખડી રખડીને આનંદ એકઠો કરવાની વૃત્તિને જ એક રીતે પુષ્ટિ કરી છે, એ તો સૌ સહર્ષ સ્વીકારશે. આપણા પ્રિય નિબંધકારે આ કવિતા જરુરથી વાંચી હશે અને જીવનની આનંદયાત્રામાં એક સહયાત્રી મેળવાનો આનંદ પણ માણ્યો હશે.

આવું જ એક અદ્ભૂત કાવ્ય લખ્યું છે નિરંજન ભગતે. એકદમ સાદી અને સરળ ભાષામાં તેમણે કાકાસાહેબની ભ્રમણવૃત્તિનું શતપ્રતિશત સમર્થન કર્યું છે, અને તે પણ એક જાતનો ઢંઢેરો પીટ્યા વગર. કાકાસાહેબે જીવનનો આનંદ બધાને પ્રભુના પ્રસાદની જેમ વહેંચ્યો છે, ઉમાશંકરભાઈએ ડુંગરા ભમતાં, ભમતાં રોતા ઝરણાંની આંખ લૂંછવાની ઈચ્છા દર્શાવી છે, ભગતસાહેબને પ્રેમનું ગીત હળવેકથી પૃથ્વીના કાનમાં કહી દેવું છે, શ્રી ઉમાશંકરની જેમ જ પ્રતિષ્ઠિત જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત કરનાર રાજેન્દ્ર શાહે લખેલું કાવ્ય 'સંસારે મુજ મુગ્ધ ભ્રમણ પાંશુ - મલિન વેશે' તમને ખરેખરા અર્થમાં પારાવારના પ્રવાસે લઈ જાય છે. આ સમયે અમેરિકન કવિ રોબર્ટ ફ્રોસ્ટનું કાવ્ય યાદ આવ્યા વગર રહેતુ નથી, તેની છેલ્લી કડી નીચે મુજબ છે;

Woods are lovely, dark and deep,
Miles to go before I sleep,
Miles to go before I sleep.

ફ્રોસ્ટનું આ અત્યંત લોકપ્રિય કાવ્ય છે અમેરિકાના પ્રમુખ કેનેડીએ આ કાવ્યવાચનની સંગતિમાં તેમના હોદ્દાનો સ્વીકાર કર્યો હતો. આપણા પ્રથમ વડાપ્રધાને નહેરુને પણ આ કાવ્ય ખુબ ગમતું, તેની છેલ્લી કડીને પોતાનો ધ્યાનમંત્ર બનાવેલ અને જીવનના અંત સુધી જાળવી રાખેલ.

(અનુસંધાન પાના નં. ૬ પર)